# બાળકોનું બાઈબલ

રજૂ કરે છે :

# ઈસુએ બાર સહાયકો (શિષ્યો) ને પસંદ કર્યા



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Byron Unger; Lazarus

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

અનુકૂલન : E. Frischbutter; Sarah S.

60 વાર્તા 39

**www.M1914.org**

***Bible for Children,*** *PO Box 3, Winnipeg, MB R3C 2G1 Canada*

પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ગુજરાતી

Gujarati

ઈસુએ અદ્ભૂત બાબતો કરી. તેણે ઘણા રોગો મટાડ્યા. લોકોના મનમાં તથા હૃદયમાં દુ:ખ હતું, તેમને શાંતિ આપી, અને ઈશ્વરનાં વચનો શિખવ્યા.



1

લોકોના ટોળા ઈસુની પાસે મદદ તથા સાજા થવા માટે આવ્યા.



2


તેણે તેની પાસે આવેલા લોકોમાંથી ઘણા અનુયાયીઓને પસંદ કર્યા, જેથી
તેઓ તેને ઈશ્વરની સેવા કરવામાં સહાય કરે.
3


શું તમારે કાંઈ અગત્યના
નિર્ણય કરવાનો હોય તો
તમે ઈશ્વરને પ્રાર્થના
કરશો? ઈસુએ એવું જ
કર્યું. શાંત પહાડ વચ્ચે
જઈને તેમણે સ્વર્ગીય
પિતા સાથે વાત કરી.
સૂર્યાસ્ત થયો ત્યાં સુધી
તેમણે પ્રાર્થના કરી.
4


ઈસુએ રાત્રીના અંધકાર
દરમ્યાન આખી રાત
પ્રાર્થના કરી.
5


સવારે તેણે પોતાના અનુયાયીઓને કે જેઓ તેના મિત્રો હતા, જેઓ તેની
સેવા કરીને તેની આજ્ઞા પાળતા હતા, તેઓને બોલાવ્યા.
6


તેઓમાંથી તેણે બાર વ્યક્તિઓને તેમના મદદનીશ તથા પ્રેરિતો થવા માટે
પસંદ કર્યા.
7


ઈસુએ પ્રથમ પસંદગી કરી તેમાં બે ભાઈઓ જેના નામ પીતર અને
આન્દ્રિયા હતું, તેમને પસંદ કર્યા. જ્યારે ઈસુએ તેમને નોતર્યા હતા ત્યારે
તેઓ માછીમારીનો ધંધો કરતા હતાં, તે મૂકીને તેઓ ઈસુની પાસે આવ્યા
હતાં.
8


યાકૂબ અને યોહાન, જેઓ ઝબદીના દીકરા હતા. તેઓ પણ પોતાની માછલીઓ પકડવાની જાળને મૂકીને આવ્યા હતાં.
9


ઈસુએ ફિલીપ, બર્થોલ્મી, માથ્થી, થોમા, સીમોન ઝલોતસ આલ્ફીયસનો દિકરો યાકૂબ, યહૂદા જે યાકૂબનો ભાઈ હતો તેને તથા યહૂદા ઈસ્કારીઓત કે છેલ્લે ઈસુનો દુશ્મન બનવાનો હતો તેઓને પસંદ કર્યા.
10


ઈસુએ તેમને એવું શીખવ્યું કે તેનો અર્થ જેમ કે ઘર એક સખત પાયા પર નાંખવામાં આવ્યું હોય. ગમે તેટલા ભારે તોફાન આવે તોપણ તે ઘરનો નાશ થાય નહીં.
11


પણ જો ઈસુની આજ્ઞાને આધિન ન થાય તો એક રેતી પાયા પર બનાવેલા ઘર સમાન છે. જ્યારે તોફાન આવે છે ત્યારે તે ઘર ધરસાઈ પડે છે.
12


ઈસુની અમૂક આજ્ઞાઓ સહેલી ન હતી. “જો કોઈ વ્યક્તિ તમને જમણા ગાલ પર તમાચો મારે તો તમારે ડાબો પણ આપવો જોઈએ” તેમણે શીખવ્યું હતું, “તમારા દુશ્મનો પર પ્રેમ કરો” લોકોને ઈસુ જેવા જીવવા માટે ઈશ્વરની સહાયની જરૂર પડે.
13


ઈસુએ તેઓને તે પણ શીખવ્યું કે તેઓ ગુપ્ત રીતે પ્રાર્થના કરે - કારણ કે તે જમાનાના ધાર્મિક લોકો દેખાડો કરવા માટે જાહેર જગ્યાઓ પર પ્રાર્થના કરતાં હતાં, તેવું કરવાની ના પાડી.
14













ઈસુએ બાર સહાયકો (શિષ્યો) ને પસંદ કર્યા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

માથ્થી ૪-૭, માર્ક ૧, લુક ૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ બાબતો
કરી છે, જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા મોત છે.

ઈશ્વર આપણને પ્રેમ કરે છે, તેમણે તેના પુત્ર ઈસુને વધસ્તંભ
પર મૃત્યુ પામવા મોકલી આપ્યા જેથી આપણા પાપની શિક્ષાનું દેવું
ચૂકવી શકે. ત્યારબાદ તેઓ મૃત્યુમાંથી ઉઠીને સ્વર્ગમાં ગયા છે,
હવે ઈશ્વર આપણા પાપ માફ કરી શકે છે.

જો તમે તમારા પાપથી પાછા ફરવા માંગતા હોય તો ઈશ્વરને કહો કે :
વ્હાલા ઈશ્વર હું માનું છું કે ઈસુ મારા માટે મરી ગયા છે અને ફરી જીવતા
થયેલા છે. કૃપા કરીને મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો,
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને જેથી તમારી સાથે સદાકાળ જીવી શકું.
તમારો બાળક બનવા મારી મદદ કરો. આમીન. યોહાન ૩:૧૬

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ વાત કરો.